CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬




સાચું કહેજો અત્યારે તમને બજારમાં શું વધારે જોવા મળી રહ્યું છે, ઘારી બનતી જોવા મળી રહી છે ને! સુરતીઓનો પોતીકો તહેવાર એટલે ચંદી પડવો. આ એક એવો ઉત્સવ છે જેનો ચાર્મ વર્ષો ને વર્ષોથી જળવાઈ રહ્યો છે. સુરતીઓ ચંદી પડવો ક્યારે આવે અને બધા મિત્રો ક્યારે સુરતના જાણીતા માર્ગો પર ભેગા થઈ ચાંદનીની શીતળ છાયામાં ભુસુ ઘારી ઝાપટીએ તેની રાહ જોઈ રહ્યા છે. હવે તો મોટાભાગે ફાર્મ હાઉસ, ઘરની છત પર ઉજવાતા આ ફેસ્ટિવલની રોનક એક સમયે ડુમસના દરિયા કિનારે જોવા મળતી. આ ફેસ્ટિવલ તો રાતનો જ ને, રાત્રે ડુમસના દરિયા કિનારે આનંદ, મસ્તીની છોળો ઉછળતી. સમયનું ચક્ર ફરવાની સાથે ચંદની પડવાની ઉજવણીમાં શું ફેર પડ્યો તે જાણવાની સાથે ભૂતકાળમાં સરી પડી તે સમયની ઉજવણીનો અનુભવ પણ કરી લઈએ...

### ઉજવણીનો બદલાતો ટ્રેન્ડ

# ચંદની પડવાની જૂની યાદો અને નવા જમાનાની ઉજવણી

## ડુમસના દરિયા કિનારે મેળા જેવો માહોલ જામતો

વર્ષો પહેલાં ચંદી પડવાની અસલ મજા તો ડુમસના દરિયા કિનારે માણવા મળતી. લોકો ભુસુ, ઘારી, શેતરંજી, પાણી લઈને મિત્રો અને ફેમિલી સાથે ડુમસના દરિયા કિનારે પહોંચી જતા. જબરદસ્ત ઉત્સવનો માહોલ તે વેળા રહેતો. પુષ્કળ વાહનો ડુમસ તરફ જતા હોવાથી ચંદી પડવા પર ટ્રાફિક જામ રહેતો. દરિયા કિનારે લોકો ખાસ્સા અંદર સુધી બેસતા. ત્યારે રેકોર્ડ પ્લેયર પણ લઈને લોકો જતા. ગીતો સાંભળવા, ગાવા અને ફૂલ મસ્તી કરવી તેવું એટમોસ્ફિયર રહેતું. રાત જેમ જેમ જામતી જાય પડવાની ભરતી આવે એટલે લોકોએ ત્યાંથી ઉઠી જવું પડતું. લોકો ઘોડા અને ઊંટની સવારી કરતા. લોકો દૂધની વેનમાં, સ્કૂટર, ટ્રક, ટેમ્પો, કાર જે વાહન મળે તેમાં બેસીને ડુમસ દરિયા કિનારે આ ઉત્સવની મજા માણવા જતાં. નવી ટેક્નોલોજી આવતા હવેની યંગ જનરેશન બ્લુટૂથ સ્પીકર ઊંચકીને લઈ જાય છે. સ્માર્ટ ફોન સાથે બ્લુટૂથ સ્પીકર જોડીને ગીતોની મજા માણતા હોય છે.





## યંગસ્ટર્સ ગરબા રમે અને ત્યાં ઘારી સાથે પિઝા ખાય

20 વર્ષની ભાર્ગવી પારેખે જણાવ્યું કે, ચંદી પડવાના દિવસે ગરબાની ઈવેન્ટ ઘણી જગ્યાઓ પર થતી હોય, એટલે અમે તો ત્યાં ફ્રેન્ડ્સ ગ્રુપ ગરબા રમવા જઈએ. અહીં જ ઘારી-ભુંસાની મજા ગ્રુપમાં માણીએ. ઘારી સાથે પિઝા અને ચાઈનીઝ ફૂડ પણ અમારું ફેવરિટ ફૂડ બને. અમને કેસર પિસ્તા કે બદામ પિસ્તા ઘારી તો ભાવે જ પણ ફ્લેવર વાળી ઘારી કરતા પારંપરિક ખવાતી ઘારી વધારે ભાવે. 9 દિવસ તો ગરબા રમવાની મજા માણી જ હોય પણ હજી એક દિવસ રમવા મળે એવી ઈચ્છા ચંદની પડવા પર ગરબા રમીને પુરી કરીએ. એ દિવસે પણ ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને ગરબા રમીએ. ફેમિલી સાથે અમે ટેરેસ પર ઘારી, ભુસુ અને પેટીસનો સ્વાદ ચાંદની રાતમાં લઈએ.





## ડ્રેસકોડમાં અગાસી પર ભેગા થતા

આમ શરદ પૂનમ પર સફેદ રંગનાં કપડાં ચાંદનીમાં ચમકે એમ કરી પહેરાતા. સુરતમાં પહેલેથી ચંદી પડવો ઉજવવાનો ટ્રેન્ડ હોવાથી એ દિવસે પહેલા ફ્રેન્ડ્સ ગ્રુપમાં ટેરેસ પર ઉજવણી માટે ભેગા થતા ત્યારે કોઈક ગ્રુપ ડ્રેસકોડ રાખતા. ફ્રેન્ડ્સ વિચારતા કે આપણે વ્હાઈટ કલરના કપડાં પહેરીને આવીશું. ત્યારે મોટાભાગે ફ્રેન્ડ્સ તેમના વાઈફ અને બાળકો સાથે ભેગા થતા એટલે પાર્ટી ફ્રેન્ડ્સ સર્કલ સાથે જ વધારે રહેતી.

## ઘરે ઘરે બનાવાતી ઘારી



કિરીટભાઈ મેઘાવાળાએ જણાવ્યું કે, પહેલા ઘારીની આટલી બધી દુકાનો નહીં હતી. 4 કે 5 દુકાનો હતી. વળી, સંયુક્ત કુટુંબો હતા એટલે ઘરની બધી મહિલાઓ સાથે મળીને ઘરે ઘારી બનાવવાનું પ્રિફર કરતા. બજારમાં મળતી ઘારીની સાઈઝ મોટી હોય તો કિલોમાં માત્ર 9-10 ઘારી આવે. ઘરમાં બનતી ઘારીની સાઈઝ થોડી નાની બનાવાય તો વધારે દેખાય. આ ઉપરાંત ઘરે ઘારી બનાવો તો મીઠાશ ઓછી-વધતી કરી શકાય. કોઈને ઘી વગરની ઘારી ખાવી હોય તો ઘરે તેવી ઘારી પણ બની શકે એટલે ઘરની મહિલાઓ ભેગી થઈને ચંદની પડવાના એક બે દિવસ પહેલા ઘારી બનાવતી. જે હવે મહિલાઓ વર્કિંગ થઈ હોવાથી ઘરમાં ઘારી બનાવવાનું ચલણ ઓછું થઈ ગયું છે.

## 50 વર્ષ પહેલાં માત્ર માવા ઘારી મળતી, હવે 14 થી વધુ ફ્લેવર

1857ના વિપ્લવ દરમિયાન તાત્યા ટોપેના સૈનિકોએ સુરતમાં ઘારી ખાધી હતી. એ સમયે માત્ર ચારોળી, એલચી, માવો અને ચણાના લોટના મિક્સ્ચરથી માત્ર માવા ઘારી બનતી. 1975-80ના સમયમાં પિસ્તા અને કેસર ઘારી જેવા ફ્લેવર એડ થયા. માવા, પિસ્તા, કેસર ઘારીને બાદ કરતાં હવે નવી નવી 14 જેટલી ફ્લેવરની ઘારી બજારમાં મળે છે. આ વખતે ઈન્ટરનેશનલ ડ્રાયફ્રૂટ્સ જેમકે મેકેડેમિયા નટ્સ, બ્રાઝીલ નટ વગેરે ઈન્ટરનેશનલ સુકામેવા એડ કરીને નવી વેરાયટીની ઘારી બજારમાં આવી ગઈ છે. આજની જનરેશનને ઘારી નથી ભાવતી, તેમને ઘારી તરફ અટ્રેક્ટ કરવા માટે ચોકલેટ, મેંગો, સ્ટ્રોબેરી, બીસ્કોફ વગેરે ઘારીની વેરાયટી લાવવામાં આવી છે.

## તે વેળા ઓક્ટોબરનું વેધર બહુ સારું હતું, સરસ મજાની ઠંડી રહેતી

અત્યારે તો ગ્લોબલ વોર્મિંગને કારણે આપણે ઓક્ટોબરમાં પણ ઉનાળા જેવી ગરમીનો અનુભવ કરી રહ્યાં છીએ પણ તે સમયે ઓક્ટોબર મહિનાનું વેધર કૂલ રહેતું. સરસ મજાની ઠંડી લાગતી એટલે ખુલ્લામાં કે આગાસી પર રાતે શાલ ઓઢીને બેસવું પડતું.

## સમય સાથે ઘારીના ભાવમાં પડ્યો મોટો ફરક

અત્યારે ઘારી ખાવી હોય તો એક કિલો માટે હજાર રૂપિયાથી વધારે ચૂકવવા પડે પણ 50 વર્ષ પહેલાં ઘારીનો ભાવ લગભગ 20થી 25 રૂપિયા કિલો હતો. 1994માં ઘારીનો ભાવ લગભગ 90 રૂપિયા હતો. હવે ડ્રાયફ્રૂટ્સ, માવા, ખાંડના ભાવો વધ્યા હોવાથી ઘારી ખાસ્સી મોંઘી થઈ છે. ગોલ્ડ ઘારીનો અત્યારે ભાવ લગભગ 14 હજાર પ્રતિ કિલો છે



## ઓછા બાંધકામના કારણે પિકનીક માટે ખુલ્લી જગ્યા વધારે મળતી

સુરતના ચાર્ટડ એકાઉન્ટન્ટ (CA) યતીશભાઈ પારેખે જણાવ્યું કે, તે સમયે સુરતીઓ ચંદી પડવાની ઉજવણી કરવા ડુમસ તો જતા જ, ટેરેસ પાર્ટી થતી અને ઉભરાટ દરિયા કિનારે જવાનું તથા ચોપાટી પર પણ ઘારી-ભુસુ ખાવાનું ચલણ હતું. હવે લોકો દમણ દરિયા કિનારા તરફ પણ જાય છે. એ વખતે સુરતમાં બહુ બાંધકામ નહીં હતું એટલે ખુલ્લી જગ્યા વધારે રહેતી એટલે ત્યાં પણ સુરતીઓની પીકનીક થઈ જતી. એ સમયે તો આટલા બધા રેસ્ટોરન્ટ કે પીવાના પાણીની બોટલ પણ નહીં મળતી. સુરતીઓ ઘરેથી ખાવાનું તથા પાણી સાથે લઈ જતા અને પોટ પાર્ટી જેવું થતું.





# સુરતીઓનો અનોખો ટ્રેન્ડ: રોજ નવા ફૂલ, રોજ નવી રંગોળી

નવરાત્રી હોય કે દિવાળી કે પછી લગ્ન પ્રસંગ ઘરના આંગણામાં રંગોળી બનાવવાની પરંપરા વર્ષો જૂની છે. જોકે, હવે રંગોળી માત્ર રંગોથી જ નહીં પણ ફ્રેશ ફૂલોથી પણ બનાવી ઘર અને આંગણાની સુંદરતા વધારવામાં આવે છે. જેમના પોતાના બંગલાના પરિસરમાં કે ટેરેસ પર ગાર્ડન બનાવવામાં હોય ત્યાં અનેક સુગંધિત ફુલોના પ્લાન્ટ્સ ઉગાડવામાં આવે છે. સિઝન પ્રમાણે ફૂલો ભરપૂર ઉગતા હોય એટલે હવે આવા સુહાસ ફેલાવતા તાજા ફૂલોની રંગોળી એ પણ રોજેરોજ બનાવવાનો સુરતીઓમાં ક્રેઝ જોવા મળી રહ્યો છે. ફૂલોની રંગોળી બનાવવાનો શોખ પરંપરાગત કળાને નવું સ્વરૂપ આપી રહ્યો છે. ફૂલોની રંગોળી પર્યાવરણને અનુકૂળ હોય છે. સુરતીઓ હવે પોઝિટિવ વાઈબ્સ માટે પણ રોજ ઘરમાં પોતાના બગીચાના જ ફૂલોમાંથી રંગોળી બનાવે છે. ફૂલોની રંગોળીનો ટ્રેન્ડ સુરતમાં ક્યારથી છે, રોજ ફૂલોની રંગોળી બનાવતા કેટલો સમય લાગે અને બીજા દિવસે ફૂલો કરમાઈ જાય ત્યારે તેને ફેંકી દેવાને બદલે તેનો ઉત્તમ ઉપયોગ શાના માટે કરવામાં આવે છે? તે આપણે આ આર્ટિકલના માધ્યમથી ફૂલોની રંગોળી બનાવવાનો શોખ ધરાવતા સુરતીઓ પાસેથી જાણીએ...

CREATIVE માઈન્ડ્સ

## ફૂલોની રંગોળી રોજ કરવાથી પોઝિટિવ વાઇબ્સ મળે





રાહુલ ગાયવાલા એક કમ્પનીમાં CEO છે અને ફોટોગ્રાફીનો શોખ ધરાવે છે. તેમના ટેરેસ ગાર્ડનમાં અલગ અલગ પ્રકારના ફ્લાવર્સના 50 જેટલાં પ્લાન્ટ્સ છે. તેમણે જણાવ્યું કે, હું ત્રણ વર્ષથી મારા ટેરેસ ગાર્ડનના ફૂલોની રંગોળી કરું છું. મારા ટેરેસ ગાર્ડનમાં ગુલાબી અને લાલ કલરનો ચંપો, જાંબલી, ગુલાબી, સફેદ કલરના મેક્સિકન પટુનિયા ફ્લાવર, પટમોગરો અને સાદો મોગરો, મધુમાલતી, જુઈ, ભુરો, સફેદ , ગુલાબી કલરના અપરાજીતા ફુલોના પ્લાન્ટ્સ, કેસરી કલરના અબોલી ફુલનો છોડ, પીળો, લાલ, સફેદ, ગુલાબી કલરના જાસૂદના પ્લાન્ટ્સ છે. હું અત્યારે પારિજાત, ચંપો અને બારમાસીના ફૂલોની રંગોળી રોજ સવારે કરું છું. તો શિયાળામાં ગુલાબના ફ્લાવર્સ બહુ થાય તે અને અપરાજીતાના ફૂલોની રંગોળી, અને ઉનાળામાં મોગરો એની સાથે અબોલી અને મધુમાલતી ફૂલોની રંગોળી કરું. સવારે 7થી 8 વાગ્યાંના ગાળામાં ટેરેસ પર જઈને ફૂલો ચૂંટીને પછી તેની રંગોળી કરું. આપણે સ્ટ્રેસફુલ કામ કરતા હોઈએ ત્યારે પોઝિટિવ થોટ અને ક્રિએટિવિટી માટે હું આવી રંગોળી રોજ કરું. બીજા દિવસે આ ફૂલો હું કુંડામાં ખાતર તરીકે ઉપયોગ કરું.

## બાળપણથી ફૂલોની વચ્ચે ઉછરી છું એટલે રંગોળીનો શોખ છે



શિલાબેન ફરસોલેનો બગીચો જમીન સાથે જોડાયેલો છે. તેમણે જણાવ્યું કે, મારો બાળપણથી ફૂલોની વચ્ચે ઉછેર થયો છે એટલે મને ફૂલો સાથે ક્રિએટિવિટી કરવી ગમે છે. મારા ઘરના બગીચામાં ચમેલી, જાસૂદ, પારિજાત, જરબેરા, મોગરો, ગુલાબ, તનમનિયા, મધુકામિની ફૂલો ઉગે. સીઝનલ ફૂલોની હું રોજ રંગોળી કરું. હું આર્ટિસ્ટ નથી પણ રંગોળી માટે ફૂલો વિણતી વખતે આજે કેવી ડિઝાઈન કરવી તેની મનમાં ગોઠવણી કરતી હોવ છું. મને રંગોળી બનાવતા 15 - 20 મિનિટ લાગે પણ પારિજાતના ફૂલો ભેગા કરતી વેળા 20થી 25 મિનિટ થાય. હું ક્યારેક કલરફુલ તો ક્યારેક ગ્રીન પાંદડાની રંગોળી કરું. ઘરના અલગ અલગ કોર્નરની આસપાસ ફૂલોની સુંદર મજાની ગોઠવણી કરું. એના ફોટા મારા ફ્રેન્ડ્સ ગ્રુપમાં મુકું એટલે લોકો એપ્રિશીયેટ કરે. એક બે જણ તો રોજ હું રંગોળીના ફોટા મુકું એની રાહ જોતા હોય. નવા આકારની રંગોળી બને એટલે મને ઘણો આનંદ થાય. હું સવારે સૌથી ફ્રેશ ફૂલ ચૂંટી તેની રંગોળી બનાવું.



## વિવિધ ફુલોથી વિવિધ આકારમાં રંગોળી બનાવે







અનિતાબેન મિસ્ત્રી તો યુનિક આકારમાં ફૂલોની રંગોળી બનાવે. પારિજાત, ચંપાના લાલ, પીળા, સફેદ, ગુલાબી કલરના ફૂલો, મોગરા, ગરમાળના ફૂલોની રંગોળી ઘરના પિલર્સની આજુબાજુ કરે. પારિજાતના ફૂલો જલ્દી કરમાઈ જતા હોય એટલે તેને બરફના પાણીમાં થોડીવાર રાખી પછી તેમાંથી શ્રી કૃષ્ણ, શ્રી ગણેશ, બતક, હંસ, કરવા ચોથ પર ચન્દ્રને ચારણીમાંથી જોતી સુહાગન મહિલા, તબલાના આકારમાં રંગોળી બનાવે. આ રંગોળી તેમના ઘરની ખૂબસુરતીમાં ચાર ચાંદ લગાવે. તેમની સોસાયટીના સીઓપીમાં મોગરાના ઘણાં પ્લાન્ટ્સમાંથી ફૂલો ચૂંટી લાવી રંગોળી બનાવે. ગરમાળના ફૂલોની તો આખી બોર્ડર બની છે. તેનો ઉપયોગ પણ ઘરની સજાવટ માટે થાય. તેઓ તેમની ફ્રેન્ડના ઘરે પણ ફૂલોની આવી રંગોળી બનાવી આપે છે.